ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૮-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### વજુભાઈવાળાને વધામણાં

ગુજરાતના જાહેરજીવનના વરિષ્ઠ આગેવાન અને ભાજપના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા અદા કરનાર વજુભાઇ વાળા કર્ણાટકના રાજયપાલપદે નિમાતા રાજયભરમાં હર્ષની લાગણી પ્રસરે એ સ્વાભાવિક છે. વજુભાઇ બોલકા આગેવાન પરંતુ સામાન્ય માણસની સમસ્યાને સમજવાની કોઠાસૂઝ એમના વ્યક્તિત્વનું જમાપાસુ છે. રાજકોટના સહકારી અને સાંસ્કૃતિક જનજીવનમાં મહત્ત્વની ભૂમિકા અદા કર્યા બાદ રાજયના રાજકારણમાં પ્રવેશતા જ વજુભાઇને મંત્રીમંડળમાં મહત્ત્વનું સ્થાન હરહંમેશ અપાયું છે. અઢાર-અઢાર વખત વિધાનસભામાં અંદાજપત્ર રજુ કરવાનો એમનો વિક્રમ આજે પણ અકબંધ છે. નાણામંત્રી તરીકે ખુબ જ સફળતાપૂર્વક સનદી અધિકારીઓ અને મંત્રીઓને પટાવવામાં પારવધા છે. એમ વહીવટીતંત્રમાં ચર્ચાય છે. વજુભાઇની વિશિષ્ટતા એ છે કે, એ સ્પષ્ટવક્તા છે, અને એમને જે કાંઇ કહેવાનું હોય એ કાઠિયાવાડી લહેકામાં હસતાં હસતાં બોલી જ નાંખે, કડવું વખ પણ હસતાં હસતાં કહેવાની એમની અનોખી શૈલી છે. ગુજરાતના રાજકારણમાં વજુભાઇ આજે પણ મોખરાનું સ્થાન ભોગવે છે. અત્યાર સુધી ચાર ગુજરાતીઓ રાજયપાલ તરીકે ભૂતકાળમાં નિમાયા છે. ૧૯૪૮થી ૫૭ દરમિયાન ચંદુલાલ ત્રિવેદી ઓરિસ્સા, પંજાબ અને આંધ્રમાં, ૧૯૬૮ થી ૭૫ ખંડુભાઇ દેસાઇ આંધ્રમાં, ૧૯૭૭માં જસ્ટીસ બી.જે. દિવાન આંધ્રમાં, ૧૯૮૫થી ૧૯૯૦ કુસુમબેન જોષી આંધ્રના રાજયપાલ પદે રહ્યા હતા. એક ગુજરાતી કાઠિયાવાડથી કર્ણાટક પહોંચે અને બધા ગુજરાતીઓને ટેસડો પડે અને ગુજરાતનું ગૌરવ વધે એમાં કોઇ બેમત નથી. વજુભાઇને નરેન્દ્ર મોદીને પ્રથમ વખત ચુંટણી લડવા માટે બેઠક ખાલી કરવાનું ઇનામ અપાયું કે આનંદીબેન પટેલના ભવિષ્યના પડકારોને ખાળવાના ભાગરૂપે વજુભાઇની નિમણૂંક કરાઇ એ રાજકીય પંડિતોના વિશ્લેષણનો સવાલ છે... પરંતુ એક ચતુર ગુજરાતી કોંગ્રેસ શાસિત રાજયના રાજયપાલ પદે નિમાય એમાં આખા ગુજરાતનું ગૌરવ છે. ગુજરાતનું જણ-જણ વજુભાઇને ફુલડે વધાવે છે.

# માહિતી વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે 'પિયુ મનભાવન' નાટક યોજાયું

## ગાંધીનગરના કલાકારો દ્વારા પ્રસ્તુત નાટકને મહિલાઓએ મન ભરીને વખાણ્યું ને સરાહ્યું

ગાંધીનગર, તા. ૨૭

માહિતી વિભાગ, ગાંધીનગર દ્વારા સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, ગાંધીનગર ખાતે આજે 'પિયુ મનભાવન' નામક નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત મહિલા સમુદાયે મન ભરીને વખાણ્યું ને સરાહ્યું હતું.

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ-ગાંધીનગર જિલ્લા શાખા અને અન્ય પાંચ જેટલી ભગિની સંસ્થાઓની મહિલાઓ માટે ખાસ આયોજિત આ સામાજિક નાટકનું નામ હતું 'પિયુ મનભાવન', જે કુંતલ નિમાવત દ્વારા લિખિત અને દિવ્યકાન્ત વર્મા દ્વારા દિગ્દર્શિત હતું.





ચોટદાર સંવાદો, ચિત્તને ચોંટાડી રાખે એવી સ્ક્રીપ્ટ અને સુંદર ભજવણી ધરાવતા આ નાટકની વિશેષતા એ હતી કે તે સંપૂર્ણપણે ગાંધીનગરનું સર્જન હતું. કુંતલ નિમાવત નિર્મિત આ નાટકમાં અભિનય આપનારા અભિનયકર્તાઓ તથા ટેકનીશિયન્સ પણ ગાંધીનગરના જ યુવા કલાકારો હતા. હિમાની માંકડ, સૌરભ જોષી, ફાલ્ગુન નંદા, દીપલ પરમાર, નીતિન પરમાર, પાર્થ બારોટ, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવતે આ નાટકમાં પોતાનો અસરકારક અભિનય આપ્યો હતો તો રોનક સુતરીયાએ મ્યુઝીક સંચાલનની અને મયુર ભાટીયાએ લાઈટ્સ સંચાલનની જવાબદારી અદા કરી હતી.

મહિલા પ્રધાન નાટક હોવાથી માહિતી વિભાગ દ્વારા તેના શોનું આયોજન ખાસ મહિલાઓ માટે કરવામાં આવ્યું હતું અને મહિલાઓએ કબૂલ્યું હતું કે આ શો સાચા અર્થમાં પ્રેક્ષણીય બની રહ્યો હતો. નાટકની પરાકાષ્ટારૂપ એક દ્રશ્યમાં તો અનેક મહિલાઓ રીતસર રડી પડી હતી. નાટક પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌ મહિલા પ્રેક્ષકોએ ગાંધીનગરના યુવા કલાકારોને મન ભરીને સરાહ્યા હતા અને નાટકની ઉત્તરોત્તર સફળથા માટે આશીર્વાદ તથા શુભકામનાઓ પણ પાઠવી હતી.

## હરિની દૃષ્ટિ...




ભક્ત, આટલા વર્ષે તમને ખબર પડી કે મને ઇકો ફ્રેન્ડલી બનાવવા જોઇએ, તેમ મને પણ એવું થાય છે કે, તમારું જીવન પણ સાયન્સ ટેકનોલોજીથી મુક્ત કરી મારી જેમ જ થઇ જાય તેવું કરી આપું !!



## ગુજરાતની જેરમી ઈન્સ્ટીટ્યુટને ગ્લોબલ એક્સેલન્સ એવોર્ડ મળ્યો

પાંચમા વર્લ્ડ રીન્યુએબલ એનર્જી ટેકનોલોજી કોંગ્રેસ એજુ એક્સ્પો-૨૦૧૪ના ઉદ્‌ઘાટન સમારોહમાં 'એનર્જી અને એન્વાર્યમેન્ટ ફાઉન્ડેશન ગ્લોબલ એક્સલન્સ એવોર્ડ ઈન રીન્યુએબલ એનર્જી જેરમીને એનાયત કરાયો હતો. ગાંધીનગરમાં આવેલ ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (જેરમી) ના ડાયરેક્ટર પ્રો. ટી. હરિનારાયણે નવી દિલ્હી ખાતે યોજાયેલા આ સમારોહમાં એવોર્ડ સ્વીકાર્યો હતો.

## રોપ સ્કીપીંગ સ્પર્ધામાં રાષ્ટ્રીયકક્ષાએ પસંગી થઈ

તાજેતરમાં રાજ્યકક્ષાની રોપ સ્કીપીંગ સ્પર્ધા આણંદના ધુવારણ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સેક્ટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયની ટીમે ભાગ લીધો હતો. જેમાંથી પાર્વતી ઠાકોર, ભારતી યાદવ અને મેહુલ યાદવની ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી કરવામાં આવી છે. શાળાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામતા કાચ ભરતજી ઠાકોર અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ૧૫૦મી જન્મ જયંતિ સ્વામી વિવેકાનંદજીની નિમિત્તો વિવેકાનંદ રથનું ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા. ૨૭

આરાધના વિદ્યાવિહારમાં સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરતા આજે ગાંધીનગરમાં આરાધના વિહારમાં રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રીમાન સ્વામી પ્રભુ સેવાનંદજીનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત પૂર્વે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી મહેન્દ્રસિંહજી રાણા, શાળાના ટ્રસ્ટી ચેરમેન શ્રી રમણભાઈ પટેલ, ભૂતપૂર્વ શિક્ષણાધિકારીશ્રી આર.ડી. તડવી, આચાર્યશ્રી તથા મહેમાનોએ સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીનીઓ તથા શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

સ્વામી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી પ્રભુ સેવાનંદજીએ સ્વામી વિવેકાનંદનું જીવન ઝરમર, યુગ પરિવર્તન તથા આશીર્વચનો આપ્યા હતા.

# નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાશે

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ ૨૦૧૪ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજવામાં આવશે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સે-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટર દ્વારા તા. ૩૦ ઓગષ્ટ શનિવાર સવારે ૭-૦૦ વાગે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે-૨૩ ખાતે યોજાશે. આ સ્પર્ધા સાયન્સ અને સોસાયટી થીમ પર યોજાશે જેમાં (૧) હરિયાળા ભાવિ માટે રિસાયકલીંગ (૨) ખોરાક, પોષણ અને આરોગ્ય (૩) વૈજ્ઞાનિકનું જીવન અને કાર્ય અને (૪) અક્ષય ઉર્જાનો ઉપયોગ વિષય પર વિદ્યાર્થીઓ નાટક રજુ કરી પોતાનો સંદેશ આપશે. આ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં થયેલા એક સર્વે મુજબ વિશ્વમાં સૈન્ય ક્ષમતા ધરાવતા દેશોમાં ભારતનો ક્રમ કેટલામો છે?

➜ **સાતમો**

૨. ૨૦૧૩માં થયેલા એક સર્વે મુજબ વિશ્વમાં ટેકનોલોજીની દૃષ્ટિએ ભારતનો કેટલામો ક્રમ છે?

➜ **૧૭મો ક્રમ**

૩. ૨૦૧૩માં એમરિકા સ્થિત કેલિફોર્નિયા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (કેટલેક)માં કોના માનમાં ફેલોશીપની સ્થાપના કરવામાં આવી છે?

➜ **સતીષ ધવન**

૪. ૨૦૧૩માં વર્લ્ડ ઈકોનોમિક ફોરમનું ૨૭મું વાર્ષિક સંમેલન કયા યોજાયું હતું?

➜ **કોચી**

૫. ૨૦૧૩માં વિશ્વનું સૌથી શ્રેષ્ઠ એરપોર્ટ કોને જાહેર કરવામાં આવ્યું છે?

➜ **હોંગકોંગ ઇન્ટરનેશનલ એરપોર્ટ**

૬. ૨૦૧૩માં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કયા દેશમાં કરવામાં આવી હતી?

➜ **મોંગોલિયા**

૭. ૨૦૧૩નો સેફ ફુટબોલ ચેમ્પિયનશિપ કયાં યોજાયો હતો?

➜ **કાઠમંડુ, નેપાલ**

૮. ૨૦૧૩નો સેફ ફુટબોલ ચેમ્પિયનશીપમાં વિજેતા કયો દશ બન્યો હતો?

➜ **અફઘાનિસ્તાન**

૯. સૈફનું પુરૂં નામ શું છે?

➜ **સાઉથ એશિયન ફુટબોલ ફેડરેશન**

૧૦. ૨૦૧૩ની ડ્યૂશ બેંક ચેમ્પિયનશીપ કોને જીતી?

➜ **હેનરિક સ્ટેસો**

૧૧. ૨૦૧૩ની ડ્યૂશ બેંક ચેમ્પિયનશીપ જીતનાર ગોલ્ફ ખેલાડી હેનરિક સ્ટેસો કયા દેશનાં વતની છે?

➜ **સ્વીડન**

૧૨. આગામી વર્ષ ૨૦૨૦ના ઓલમ્પિક ખેલની મેજબાની કયો દેશ કરશે?

➜ **જાપાન, ટોકયો**

૧૩. આગામી વર્ષ ૨૦૧૬ના ઓલમ્પિક ખેલની મેજબાની કયો દેશ કરશે?

➜ **રીયો-ડી-જાનેરો, બ્રાઝિલ**

૧૪. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના અધ્યક્ષ પદે કોને નિયુક્ત કર્યા?

➜ **થોમસ બાક**

૧૫. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના અધ્યક્ષ બનનાર થોમસ બાક કયાંના રહેવાસી છે?

➜ **જર્મની**

૧૬. ૨૦૧૩માં થોમસ બાક ઓલમ્પિક સમિતિના કેટલામાં અધ્યક્ષ બન્યા?

➜ **૯માં**

૧૭. ૨૦૧૩માં આઈ.ઓ.સી.ના નવા અધ્યક્ષ થોમસ બાક કોના અનુગામી બન્યા?

➜ **જેક્સ રોગે**

૧૮. ૨૦૧૩ની ૯મી એશિયા કપ હોકીમાં કયા દેશનો વિજય થયો હતો?

➜ **દક્ષિણ કોરિયા**

૧૯. ૨૦૧૩ની એશિયા કપ હોકીમાં વિજય થયેલી દક્ષિણ કોરિયાની ટીમે કયા દેશને પરાજીત કર્યું હતું?

➜ **ભારત**

૨૦ 'ઓર્ડર ઑફ ધ રાઈઝીંગ સન-ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર' કયા દેશનો રાષ્ટ્રીય પુરસ્કાર છે?

➜ **જાપાન**

# ક્રાન્તિદૃષ્ટા, સાહિત્ય સ્વામી, આપણા રાષ્ટ્રીય શાયર - શ્રી ઝવેરચંદ મેઘાણી...

આજે ૨૮મી ઓગસ્ટ એટલે, સ્વતંત્ર ભારતની આઝાદીનો બુલંદનાદ; જેણે પ્રજામાં સ્વાતંત્ર્યની ધગધગતી રાષ્ટ્રભાવના જગાડી, તેવા દેશસમર્પિત સેનાની, ક્રાંતીવીર, ગુજરાતની અસ્મિતાના જયોતિર્ધર અને શબદના સોદાગર એવા ગુજરાતી મહામાનવ અને આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મદિવસનું ગૌરવવંતુ, ઝળહળતું સુવર્ણમય પ્રભાત!

આ સલૂણું પ્રભાત પ્રગટતાં જ આપણી સમક્ષ, ગાગરમાં સાગર સમાન એવી, એક બહુમુખી પ્રતિભા અને માનવીય સંવેદનાઓને સુપેરે ઝીલનાર એક મહામાનવનું એક કસુંબલ - ખુમારીભર્યું સુરેખચિત્ર ઉપસી આવે!

ઝાલાવાડ પંથકમાં, તે સમયનાં ૧૦૧ ગામડાના એજન્સી થાણા ચોટીલાના પોલીસ થાણામાં તા. ૨૮મી ઓગસ્ટ, ૧૮૯૬ના રોજ એટલે કે સવંત ૧૯૫૨ના શ્રાવણ વદ, પાંચમ (નાગપંચમીના) દિને, માતા ધોળીબાઈની કૃખે પુરુષરૂપે અવતાર લેનાર સરસ્વતી એટલે ઝવેરચંદ મેઘાણી! તેઓના પિતા કાળીદાસ મેઘાણી, મૂળ ગીર કાંઠાના ગામ - બગસરા (ભાયાણી)ના દશા શ્રીમાળી જૈન વણિક હતા.

મેઘાણી કુટુંબની વંશાવળીમાં જોઈએ તો, મેઘાના પુત્ર હીરા, હીરાના પુત્ર ધનજી અને ધનજીના બે પુત્રો (૧) પ્રેમજી અને (૨) અંદરજી. આ અંદરજી એક પુત્ર દેવચંદ હતા, જેમણે બે પુત્રો (૧) કાળીદાસ અને બીજા રેવશંકર, જેમાં કાળીદાસને ચાર પુત્રો (૧) લાલચંદ (૨) પ્રભાશંકર (૩) ઝવેરચંદ અને (૪) બાબુભાઈ અને ત્રણ પુત્રીઓ (૧) મણીબેન (૨) સમજુબેન અને (૩) લાભુબેન. આમ કાળીદાસ દેવચંદ મેઘાણીના ત્રીજા નંબરના પુત્ર તે ઝવેરચંદ મેઘાણી. પિતા કાળીદાસ મેઘાણી ચોટીલા પોલીસ થાણામાં જમાદાર તરીકે કંપની સરકારની નોકરીમાં હતા. આમ પાંચાળની લાંપડીયાળ, ડુંગરાળ અને કંકુવરણી ધરામાં, ચોટીલા ડુંગરની તળેટીમાં હાલ્યકાળ દરમિયાન ઝવેરચંદે નદી-નાણા, ડુંગરાની ખાપો, ખાબડ-ખૂબડ અને વાંકી ચૂંકી પથરાળ ધરતી, સોહાણણો લોકસમૂહ, સંતશૂરાની કથાઓ, દેવમંદિરની ઝાલરો, ઘોડાના ડાબલા, બાળવની કાંટ્ય, ખાખરાનાં વૃક્ષો, આવળ-બોરડીનાં ઝૂમખા અને શ્રમિકોના મધુર કંઠે ગવાતાં ગીતો-વગેરે ઘણું બધું જોઈ લીધું, જાણી લીધું, સંગ્રહી લીધું!

પિતાશ્રીની અવારનવાર દૂર દૂરના ઘોર સ્થલોએ થતી બદલીઓને કારણે, તેમણે પ્રાથમિક શિક્ષણ દાઠા, પાળિયાદ અને પગસરામાં મેળવ્યું, જયારે અંગ્રેજી બીજું ધોરણ વઢવાણ કેમ્પમાં કર્યું. હાઈસ્કૂલનું ભણતર અમરેલીમાં મેળવી, ૧૯૧૨માં મુંબઈ યુનિ.માંથી મેટ્રીક થઈને, ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા. તેઓ શરમાળ અને ઓછાબોલા હોવાથી 'જનકરાજા' તરીકે પંકાયા! ગળાની હલક અને મીઠાશને કારણે શાળાની પ્રાર્થના તેમની પાસે જ ગવડાવવામાં આવતી. કવિ કલાપીનાં કાવ્યો દર્દીલી જબાનમાં ગાતા હોવાથી સ્વજનો તરફથી 'વિલાપી' ઉપનામ મળ્યું હતું! તેઓ સને ૧૯૧૬માં અંગ્રેજી-સંસ્કૃત વિષય સાથે બી.એ. થયા અને એમ.એ. થવા માટે ભાવનગરની સનાતન હાઈસ્કૂલમાં ઓછા પગારે 'પાર્ટ ટાઈમ ટીચર' તરીકે નોકરી કરી. એની બસંટ અને ગાંધીજીની પ્રવૃત્તિઓથી તેઓ આકર્ષાયા. આજિવિકા માટે તેઓ સને ૧૯૧૭માં કલકત્તા ખાતે એલ્યુમિનિયમના કારખાનામાં જોડાયા. કલકત્તામાં મોટાભાઈની બિમારીને કારણે 'જીવણલાલ કંપની'માં નોકરી સ્વીકારવી પડી, જયાં કારીગરોમાં તેઓ 'પઘડી બાબુ' તરીકે પંકાયા.

સને ૧૯૧૮માં તેમણે સાહિત્યક્ષેત્રમાં પગરણ માંડ્યા અને 'દીવડો ઝાંખો બળે' નામનું પહેલું સુંદર કાવ્ય સર્જન કર્યું. સને ૧૯૧૯માં તેઓ જીવણલાલ શેઠ સાથે ઈંગ્લેન્ડ ગયા અને ત્રણ માસમાં સ્વદેશ પાછા ફર્યા. ત્યાં અરૂચિ થતાં મેનેજર જેવું પદ છોડી સને ૧૯૨૧માં કલકત્તાથી પોતાના વતન 'પગસરા' આવ્યા. જયાં સને ૧૯૨૨માં જેતપુરમાં દમયંતીબહેન સાથે લગ્ન થયા અને સમયાંતરે દમયંતીબહેની કુખે ત્રણ પુત્રો - મહેન્દ્ર, મસ્તાન અને નાનક તથા એક પુત્રી ઈન્દુનું અવતરણ થયું.

સને ૧૯૨૨માં તેમણે 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં રૂા. ૭૫/- પંચોતેરના પગારથી નોકરી સ્વીકારી અને એક વ્યવસાય તરીકે 'ગદ્યલેખન'ની શરૂઆત કરી. તેજ વર્ષમાં 'કુરબાનીની કથાઓ' બગસરામાં લખેલી તે પ્રકાશિત થઈ. ૧૯૨૩માં 'વસંતનાં ફૂલ' બાળગીતો સંગ્રહ અને 'સૌરાષ્ટ્રની રસધાર' નો પ્રથમ ભાગ, ત્યારબાદ નવ વર્ષમાં તેના પાંચ ભાગ, સોરઠી બહારવટિયાના ભાગ-૩ અને સોરઠી ગીઠ કથાઓને એક ભાગ આપ્યો. ૧૯૨૪માં રઢિયાળી રાતનાં તબક્કામાં ગરબા સંગ્રહ આપ્યા.

સને ૧૯૨૬માં સૌરાષ્ટ્ર સાપ્તાહિકની નોકરી છોડીને ભાવનગર આવીને વસ્યા. સને ૧૯૨૭માં 'કંકાવટી' અને 'બે દેશદીપક - જીવનકથા' પુસ્તકો આપ્યા.

સને ૧૯૨૮માં 'વેણીનાં ફૂલ' અને 'ચૂંદડી' કાવ્યસંગ્રહો આપ્યા. માટે 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તેમણે અર્પણ કરાયો. સને ૧૯૨૯માં 'કાળ જાગે' પ્રથમ પીડિત ગીત લખ્યું અને સને ૧૯૩૩માં 'પીડિતોના ગીતો' સંગ્રહ બહાર પાડ્યો. તેઓ સને ૧૯૨૯-૩૦માં પુનઃ પત્રકારિત્વ ક્ષેત્રે જોડાયા અને ઈન્કલાબી વાતાવરણમાં 'સિંધુડો' મારફત શૌર્યગીતો લખ્યાં અને 'કિલ્લોલ' કાવ્યસંગ્રહ બહાર પાડતાં તેઓ ગિરફતાર થયા.

સને ૧૯૩૧માં ગાંધીજીને ગોળમેજી પરિષદમાં જવાનું થયું ત્યારે, પ્રસંગને અનુરૂપ 'છેલ્લે કટોરો આ ઝેરનો પી જજો બાપુ' લખીને, અમૃતલાલ શેઠ મારફતે ગાંધીજીને મોકલ્યું. જે વાંચીને બાપુએ ઝવેરચંદને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ આપ્યું. ગાંધીજીને 'અંતરની આહ', 'છેલ્લો કટોરો', 'માતા

### પ્રસંગસર

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

તારો બેટડો આવે' અને 'છેલ્લી સલામ' જેવાં ગીતોમાં નવાજ્યા.

સને ૧૯૩૨માં 'સૌરાષ્ટ્ર' બંધ થતાં, 'ફૂલછાબ' ચાલુ થયું જેમાં 'ચિતાના અંગારા-૧૯૩૧' ની નવલિકાઓ; 'જેલ ઓફિસની બારી - ૧૯૩૪, સ્મરણમાળા અને નાવિક ગીતો, સોરઠના તીરે તીરે - ૧૯૩૩, પ્રવાસ ગાથાને સ્થાન મળ્યું.' મહાત્મા ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણના આંદોલન વખતે જોગડાની બે, કાનિયા અને ગાંકૂના હરિજનની એક એક એમ ચાર હરિજન વાર્તાઓ લખીને, સમભાવ પેદા કર્યો. હરિજનના હાથે વહેંચાયેલ પાનનાં બીડાં ચાવવા બદલ સામાજિક બહિષ્કાર પણ વહોર્યો.

સને ૧૯૩૩માં પત્નિ દમયંતીબેનનું બોટાદમાં અગ્નિસ્નાનથી અકાળે અકુદરતી અવસાવ થતાં, આઘાતને સૌરાષ્ટ્ર છોડીને બાળકો સાથે મુંબઈ રહેવા ગયા, જયાં વેદનાને વાચા આપતું 'બાળુડાં' કાવ્ય રચ્યું. 'યુગવંદના' કાવ્ય સંગ્રહ બહાર પાડ્યો.

નેપાળના પંડિતની પુત્રી ચિત્રાદેવી સાથે યરવડા જેલમાં પરિચય થતાં, તેમની સાથે સને ૧૯૩૪માં બીજું લગ્ન કર્યું, ચિત્રાદેવીની કુખે ચાર પુત્રો - વિનોદ, જયન્ત, અશોક અને મુરલી તથા એક પુત્રી પઠાલા અવતર્યા. ૧૯૩૪-૩૫માં 'પ્રતિમાઓ' અને 'પલકારા' નામનાં વાર્તાસંગ્રહો આપ્યા. તેઓ સને ૧૯૩૬માં મુંબઈથી બોટાદ આવ્યા. જયાં નવા રૂપરંગ સાથેનાં 'ફૂલછાબ'ના તંત્રી બન્યા. ૧૯૩૬-૩૭માં 'નિરંજન' અને 'સોરઠ તારા વહેંતા પાણી' નવલકથાઓ, ૧૯૩૮માં 'સમરાંગણ' અને ૧૯૩૯માં 'વૈવિશાળ', 'રા-ગંગાજળિયો' અને 'જય ગુજરાત' નવલકથાઓ આપી.

૧૯૪૦માં 'તુલસીકયારો' 'નવલકથાઓ', 'એકતારો' કાવ્યસંગ્રહ. ૧૯૪૧માં કવિવર રવીન્દ્રનાથ ટાગોરની મુલાકાત ત્રીસ મિનિટ માટે મળી, પણ તે બ કલાક ચાલી. ૧૯૪૨માં હિંદ છોડોની લડત વખતે 'ફૂલછાબ' જપ્ત થતાં, કામદારોની રોજીરોટી બંધ ન થાય તે માટે પ્રેસ ચલાવવા 'ફૂલછાબ પ્રકાશન શ્રેણી' શરૂ કરી, કમળાશંકર સ્મારક વ્યાખ્યાનો આપ્યા. ૧૯૪૩માં 'પ્રભુ પધાર્યા' નવલકથા, 'બાપુના પારણાં' કાવ્યસંગ્રહ અને મુંબઈ યુનિવર્સિટીમાં ઠક્કર માધવજી વ્યાખ્યાન માળામાં ભાગ લીધો.

૧૯૪૪માં રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યોનું રૂપાંતરિત સ્વરૂપ 'રવીન્દ્રવીણા' અનુવાદ અને 'ધરતીનું ધાવણ' વિવેચન ગ્રંથ રચ્યો. 'દયાનંદય સરસ્વતી' અને 'પરિ ભ્રમણ ભાગ-૧' જીવનકથાઓ અને ઈતિહાસ લેખ લખ્યા. ૧૯૪૫માં 'ફૂલછાબ'માંથી નિવૃત્ત થયા અને 'રંગ છે બારોટ લોકકથા' અને 'માણસાઈના દીવા' જીવનકથા. જેમાં રવિશંકર મહારાજની અનુભવ કથા આલેખી, જેને ૧૯૪૬માં મહિડા પારિતોષિક મળ્યું અને તે વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેનું બહુમાન મળ્યું. 'પરકમ્મા' આત્મકથા લખી, જેને શોકકથા કહેવાય છે. ૧૯૪૬માં ફેબ્રુઆરીમાં લગ્નપ્રસંગે મુંબઈ જતાં તબિયત વધુ કથળી. આ વર્ષમાં 'વિલોપન' વાર્તાસંગર્હ, 'લાલ કિલ્લાનો મુકદમો' અને 'સાંબેલાના સૂર' ઈતિહાસ લેખના સંગ્રહો બહાર પાડ્યા. 'લોકસાહિત્યનું સમાલોચન' વિવેચન ગ્રંથ બહાર પાડ્યો. સને ૧૯૪૭માં 'સોરઠી સંતવાણી' ભજન સાહિત્ય અને 'સોરઠી દુહા'નું સંપાદન કર્યું. 'છેલ્લું પ્રયાણ' નામે ક્ષેત્રપ્રવાસની નોંધવહી, 'પરિભ્રમણ' ભાગ-૨ અને ૩ નામના બે ઈતિહાસ લેખ સંગ્રહ બહાર પાડ્યા. વસંત-રજબ સ્મારકગ્રંથનું સંપાદન કર્યું અને છેલ્લે શરૂ કરેલ નવલકથા 'કાળચક્ર' અધુરી રહી તે રહી જ!

તા. ૮મી માર્ચ, ૧૯૪૭ની સમી સાંજે પ્રાથમિક શિક્ષકોનો સંઘ આગળ 'એને આદર્શનાં મેણાં મારશો મા' વાળું પ્રવચન આપ્યું. ૯મી માર્ચ ૧૯૪૭ની વહેલી સવારે, બોટાદ ખાતે હૃદયરોગના હુમલા રૂપે આવી, કાળ આપણા લોકલાડીલા - રાષ્ટ્રીય શાયરને ભરખી ગયો! ગાજતો સિંધૂડો વિલાઈ ગયો!

પચાસ વર્ષના આયુષ્યમાં, ૨૫ વર્ષની લેખન કારકિર્દીમાં વિવિધ વિષયનાં, વિવિધ સ્વરૂપનાં નાના-મોટા ૧૦૧ પુસ્તકો આપ્યા જેમાં કાવ્યસંગ્રહ-નવ, નવલકથા- સંગ્રહ-ચૌદ, વાર્તાસંગ્રહ-બાર, લોકકથા સંગ્રહ-સોળ, જીવનકથા-દસ, ઈતિહાસ ગ્રંથ-સોળ, લોક સાહિત્યની ખેપો-બે પ્રવાસ પુસ્તક-બે, નાટકો-પાંચ, જેવા માતબર સાહિત્ય સામ્રગીનો ખડકલો છે.

'કોઈનો લાડકવાયો' અને 'સૂના સમદરની પાળે' જેવા કાવ્યો - પ્રેમશૌર્યના તેમજ વીર-કરૂણાના ભાવથી સભર છે. તેઓ 'યોદ્ધ કવિ' હતા. તેમણે અંગ્રેજી હકુમત સામે 'કરમવીર કલમવીર' થઈ 'કલમ બહારવટું' માંડ્યું અને 'ક્રાન્તિકવિ' તરીકે વીરરસ પીરસ્યો. તેઓ નીડર, સત્યવક્તા, ચમરબંધીઓની પણ પરવાહ ન કરનાર - સત્યનિષ્ઠ પત્રકાર પણ હતા! તેમનામાં માનવતા, રખાવટતા, નીડરતા, નિયમિતતા સ્વમાન અને નિષ્ઠાના ગુણો ભરપૂર હતા, જેના અનેક દૃષ્ટાંતો છે. તેઓ નાની બાબતમાં પણ ખૂબ જ મોટી કાળજી રાખતા. તેઓની 'જન્મશતાબ્દિ' તા. ૧૪ થી ૧૬ ઓક્ટોબર, ૧૯૯૬માં રાજકોટ ખાતે, રાજસ્થાનના મુખ્યમંત્રી હરિશંકરજી ભાભડાના અધ્યસ્થાને, ગુજરાત રાજયના માન. મુખ્ય મંત્રીશ્રી કેશુભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉજવાઈ હતી.

આમજનતાના નાયક અને ગાયક, સૌના લાડકવાયા - પ્રેમપાત્ર ઝવેરચંદ મેઘાણી, ખરેખર આ ધરતીનું ધાવણ, સોનું - ઝવેરાત અને અમોલ આભૂષણ હતા, છે અને રહેશે! ઈન્કિલાબના મશાલચી, શબદના સોદાગર, ક્રાંતિકારી કર્મશીલ, ચેતના વિદ્યુતના વાહક, સંસ્કૃતિના મશાલધારી, રાષ્ટ્રભાવનાથી ધગધગતા - આવા મહાપુરૂષને વંદના કરતા હું ધન્યતા અનુભવુ છું...! કાનમાં ગૂજે છે - પડઘાય છે, તેમના શબ્દોમાં :

''નથી જાણ્યું અમારે પંથ શી આફતે ખડી છે;
ખબર છે એટલી કે, મા-ભોમની હાકલ પડી છે.''

'જય હિન્દ'